1. પ્રભાવી જ્ઞાતિના માપદંડો કયા છે? (July 18, March 19)

- જ્ઞાતિને પ્રભાવી માનવા માટે ડૉ. એમ. એમ. શ્રીનિવાસે નીચેના કેટલાક માપદેડની રજૂઆત કરી છે : સ્થાનિક વિસ્તારની નોંધ પાત્ર જમીનમાલિ કી એ જ્ઞાતિ પાસે હોવી આવશ્યક છે. સંખ્યાની દૃષ્ટિએ એ વિસ્તારમાં નોંધપાત્ર વસ્તી હોવી જોઈએ. ઉચ્ચ પારંપરિક દરજ્જા ઉપરાંત શિક્ષણનું પ્રમાણ, વહીવટીતંત્રમાં નોકરીઓ, આવકના શહેરી સત વગેરે પણ કેટલીક જ્ઞાતિઓને ગ્રામવિસ્તારમાં સત્તા અને પ્રતિષ્ઠ આપી પ્રભાવી જ્ઞાતિ બનાવે છે. ઉપર દર્શાવેલા માપદંડોના આધારે ગુજરાતમાં સ્થાનિક રીતે કેટલાક વિસ્તારોમાં ક્ષત્રિય અને પાટીદારો પ્રભાવી જ્ઞાતિનો દરજ્જો ધરાવે છે.

2. 'ઉદારીકરણ' એટલે શું? (March 18)

- 'ઉદારીકરણ'ની નીતિ એટલે 'ખાનગીકરણ'ની નીતિ. ઉપરીકરણમાં સરકાર દ્વારા ઉદ્યોગોના ખાનગી ક્ષેત્રમાં વધુમાં વધુ પરવાના, મૂડીરોકાણ અને વધુ નફો મેળવવા માટે અનુકૂળતાઓ કરી આપવાની બાબતોનો સમાવેશ થાય છે. ઉદારીકરણ એટલે સરકારની ઉદ્યોગોની સ્થાપના અને વિકાસ અંગેની હસ્તક્ષેપ વગરની નીતિ. ઉઘરીકરણ એ વૈશ્વિકીકરણની પ્રક્રિયાની પૂર્વશરત રૂપે છે અને ઉઘરીકરણ માટે ખાનગીકરણ અનિવાર્ય પ્રક્રિયા છે. ઉદારીકરણ એટલે વૈશ્વિકીકરણના ભાગરૂપે વૈશ્વિક બજાર દેશની અર્થવ્યવસ્થા માટે લાભકારી બને તે માટે વેપારઉદ્યોગને નિયમન કરતા નિયમો અને આર્થિક નિયંત્રણોને ઉદાર બનાવવા. દા. ત., જુદાં જુદાં ક્ષેત્રોમાં વિદેશી રોકાણને પરવાનગી આપવી.

3. સામાજિક પરિવર્તનનાં લક્ષણો જણાવો.

- સામાજિક પરિવર્તનનાં લક્ષણો નીચે પ્રમાણે છે : સામાજિક પરિવર્તન એક પ્રક્રિયા છે. સામાજિક પરિવર્તન સાર્વત્રિક પ્રક્રિયા છે. સામાજિક પરિવર્તન સામાજિક રચનાતંત્રમાં ફેરફાર સૂચવે છે. સામાજિક પરિવર્તન સામાજિક કાર્યોમાં ફેરફાર સૂચવે છે. સામાજિક પરિવર્તન સ્વયંજનિત તેમજ આયોજિત પ્રક્રિયા સ્વરૂપે જોવા મળે છે.

4. સંસ્કૃતિકરણના ખ્યાલની મર્યાદાઓ જણાવો.

- સંસ્કૃતિકરણના ખ્યાલની કેટલીક મર્યાદાઓ નીચે પ્રમાણે છે : સંસ્કૃતિકરણથી કેટલાક લોકો અસમાનતા પર આધારિત સામાજિક રચનાતંત્રમાં પોતાનું સ્થાન સુધારી લે છે. પરંતુ એનાથી સમાજમાં પ્રસરેલી અસમાનતા કે ભેદભાવ નાબૂદ થતો નથી. સંરકૃતિકરણથી ઉચ્ચ જ્ઞાતિની જીવનશૈલી ઊંચી અને નિમ્ન જ્ઞાતિની જીવનશૈલી નીચી હોય છે એવું સાબિત થાય છે. સંસ્કૃતિકરણ દશવિ છે કે ઉચ્ચ જ્ઞાતિના લોકોની જીવનશૈલી ઈચ્છનીય અને અનુકરણીય હોય છે. સંસ્કૃતિકરણથી મહિલાઓના દરજ્જામાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું નથી.

5. સામાજિક અને સાંસ્કૃતિક પ્રક્રિયાઓ કઈ બાબત જોવા અને સમજવામાં ઉપયોગી છે?

- પરિવર્તન એક પ્રક્રિયા છે. સામાજિક અને સાંસ્કૃતિક પરિવર્તન એ અવિરત ચાલતી ઘટના છે. સમાજશાસ્ત્ર સામાજિક અને સાંસ્કૃતિક પ્રક્રિયાનો અભ્યાસ કરે છે. કારણ કે સામાજિક અને સાંસ્કૃતિક પ્રક્રિયાઓ સમાજવ્યવસ્થામાં મહત્ત્વપૂર્ણ પરિણામો નિપજાવે છે. સામાજિક અને સાંસ્કૃતિક પ્રક્રિયાઓ સમાજજીવનની મહત્ત્વની બાબત હોવાથી તેને સમજવી જરૂરી છે. સામાજિક અને સાંસ્કૃતિક પ્રક્રિયાઓ સમાજજીવનમાં, સામાજિક સંબંધો પર અને લાગણીઓની અભિવ્યક્તિમાં અસરો નીપજાવતી હોવાથી તે જોવાસમજવામાં ઉપયોગી છે.

6. સામાજિક પરિવર્તન એટલે શું? (July 18)

- સામાજિક પરિવર્તન એ અવિરત ચાલતી સાર્વત્રિક ઘટના છે. સમાજના રચનાતંત્રમાં સતત ફેરફાર થાય છે. તેના પરિણામે સંસ્થાઓમાં પરિવર્તન આવે છે. જ્યારે સામાજિક સંગઠનોનાં સ્વરૂપમાં નોંધપાત્ર ફેરફાર થાય છે ત્યારે તેને ‘સામાજિક પરિવર્તન’ કહે છે. દા. ત., જ્ઞાતિસંસ્થામાં આવેલું પરિવર્તન. કિંગ્સલે ડેવિસના મતે, ‘સામાજિક રચનાતંત્ર અને કાર્યોમાં આવતું પરિવર્તન એટલે સામાજિક પરિવર્તન.’ સંયુક્ત કુટુંબના સ્થાને વિભક્ત કુટુંબનું પ્રચલિત થવું એ સામાજિક રચનાતંત્રમાં આવેલું પરિવર્તન છે અને કુટુંબના મનોરંજનનું કાર્ય સિનેમા અને ટીવીએ લઈ લેવું એ સામાજિક કાર્યમાં આવેલું પરિવર્તન છે.